## એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કર્યાલયે તા.૨૮/૩/'૦૮ નાં રોજ ૧૨:૦૦ કલાકે મળેલ એક સભા :

આજ રોજ તા.૨૮/૩/'૦૮ નાં રોજ ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલની પ્રથમ બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

મિટીગની શરૂઆતમાં માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા તથા એકિઝકયુટિવ કાઉન્સિલ સત્તામંડળ અસ્તિત્વમાં આવ્યા બદલની આ પ્રથમ મિટિંગને ઐતિહાસિક ઘટના તરીકે વર્ણવેલી હતી. એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓની સંખ્યા મહત્વની નથી પરંતુ જે સભ્યો આ કાઉન્સિલમાં ચૂંટાયા છે કે નોમિનેટ થયા છે તેઓ જુદા જુદા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે સૌ હાજર રહેલ સભ્યશ્રીઓને યુનિવર્સિટીની પ્રગતિ સાથે તથા કેમ્પસ પર ચાલતા બાંધકામની અધૂરાશો બાબતે વાકેફ કર્યા હતા. તથા એકિઝકયુટીવ કાઉન્સિલએ યુનિવર્સિટીનું "બ્રેઈન" છે અને મારી જવાબદારીનું વિભાજન થયું છે, તેમ જણાવી એજન્ડા અનુસાર આ પ્રથમ બેઠક આગળ વધારવા રજીસ્ટારશ્રીને આદેશ કરેલ.

સભામાં જે ચર્ચા વિચારણા થઈ અને જે નિર્ણયો/ ઠરાવો કરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

## ૧. યુનિવર્સિટીની ટી.વાય.ની માર્કશીટમાં એફ.વાય તથા એસ.વાય.ના ગુણ મુકવા બાબત.

(નોંધઃ–ગુજરાત યુનિવર્સિટીમાંથી આ વિસ્તારની કોલેજો છુટી પડી કચ્છ યુનિવર્સિટી સાથે જોડાતા વિવિધ એડમિશન કોલેજોમાં થયેલ છે જેમાં ૧) જે નવા એનરોલમેન્ટ થયા તે સીધા આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ થયા.૨) જેઓ એ અગાઉના એક કે બે વર્ષ ગુજરાત યુનિવર્સિટીમાં પાસ કરેલ હોય અને પછી આ યુનિવર્સિટીમાં જાડાયા હોય. ૩) ગુજરાત યુનિવર્સિટીની A.T.K.T ધરાવતા હોય અને આગળના વર્ષોમાં આ યુનિવર્સિટીમાં જોડાયા હોય.

અગાઉના વર્ષોની માર્કશીટ મેળવી કોન્સોલીડેટ કરી એફ.વાય. ના ૧૦૦ તથા એસ.વાય.ના ૧૦૦ ગુણમાંથી માર્કસ મૂકવાનું કામ દુષ્કર હતું.

પરિણામે ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓની તૃતિય વર્ષની માર્કશીટનો અભ્યાસ કર્યા બાદ માનનીય કુલપતિશ્રીએ લીધેલા નિર્ણય અન્વયે ૭૦૦ ગુણમાંથી માર્કસ આપવામાં આવેલ. માનનીય કુલપતિશ્રીએ આ મુદ્દો એકઝીકયુટીવ કાઉન્સિલ માં મૂકવાનું જણાવતા ચાલુ સાલે એ નિર્ણય ચાલુ રાખવા બાબતે ચર્ચા વિચારણા હથ ધરવી.)

પરીક્ષા વિભાગ દ્વારા T.Y. B.A.\ B.Com. \ B.Sc. માં જે Top Rankers પાસ આઉટ થયેલ તે તમામના T.Y. ના ગુણ તેમજ F.Y. તથા S.Y. ના ૧૦૦ – ૧૦૦ ગુણમાંથી ટકાવારી મેળવવામાં આવેલ જેના ઉપર સભ્યશ્રીઓ દ્વારા ખૂબ જ લાંબી ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને સમિતિએ નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતિએ કરેલ.

<u>ઠરાવ ક્રમાંક :૧:–</u>

**સમિતિ દ્વારા આથી સર્વાનુમતે એવું ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૭ –૦૮ થી T.Y. (ડીગ્રી) ની માર્કશીટમાં T.Y. ના કુલ ગુણ ઉપરાંત વિદ્યાર્થીએ મેળવેલ એફ. વાય.ના કુલગુણમાંથી ૧૦૦ ગુણનું વેઈટેજ તેવી જ રીતે એસ.વાય.ના કુલગુણમાંથી ૧૦૦ ગુણનું વેઈટેજ ઉમેરીને કુલ ૯૦૦ ગુણની માર્કશીટ બનાવવી. ઉપરાંત મેરિટ લિસ્ટ આ ૯૦૦ ગુણની માર્કશીટમાં જે વિદ્યાર્થીઓએ સૌથી વધુ ગુણ મેળવેલ હોય તેવું જાહેર કરવું.**

## ૨. કચ્છ યુનિવર્સિટીમાં જીયોલોજી–અનુસ્નાતક ભવન શરૂ કરવા બાબત.

(નોંધઃ– આ યુનિવર્સિટી કેમ્પસ પર છ અનુસ્નાતક ભવનો યુનિવર્સિટીએ શરૂ કરેલ છે. રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા વધુ ૧૯ શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયા બાદ ચર્ચા વિચારણામાં યુનિવર્સિટીમાં Environmental Science Including Geology જેવા વિષયો શરૂ થાય અને તેની શકયતાઓ જણાતા આ ભવન શરૂ કરવા ચર્ચા વિચારણા.)

M.Sc. જીઓલોજી શરૂ કરવા બાબતે થયેલ ચર્ચા વિચારણાંમાં હાલ લાલન કોલેજ, ભૂજ ખાતે ચાલતા જીઓલોજી વિભાગમાં ટી.વાય માં માત્ર પાંચ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયાં છે. આમ વિદ્યાર્થીઓની સંખ્યા કયાંથી મળશે તેવો સૂર ઉઠેલ. પરિણામે ચર્ચા વિચારણામાં એવું નકકી કરવામાં આવ્યું કે M.Sc. જીઓલોજીને સ્થાને Department of Earth & Environmental Science ચાલુ કરવું જેમા જીઓલોજી એક Specialization વિષય તરીકે વિદ્યાર્થીઓ તે રાખી શકે. તથા આ ભવનમાં B.Sc. ના પાસ આઉટ થતા અન્ય વિષયોના વિદ્યાર્થી પણ પ્રવેશ મેળવી શકે તેવું માળખું ગોઠવવું. તેમ નકકી થતાં સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ ક્રમાંક :૨:–

**~~સમિતિ દ્વારા આથી સર્વાનુમતે~~ એવું ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી શરૂ થતાં જીઓલોજી ભવનને સ્થાને "Department of Earth & Environmental Science" ના નેજા હેઠળ ભવન શરૂ થાય જેમાં કોઈ પણ સ્ટ્રીમનો B.Sc. નો વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે જેમાં Specialization વિષય તરીક જીઓલોજી વિષયમાં વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકે. ઉપર્યુકત Department શરૂ કરવા માટે ડીનશ્રી, સાયન્સ વિદ્યાશાખા દ્વારા રૂા.૧૮ લાખના પ્રાથમિક ખર્ચના અંદાજને મંજૂરી આપવામાં આવે છે.**

## ૩. ફાયનાન્સ કમિટિની રચના કરવા અંગે વિચારણા.

(નોંધઃ– યુનિવર્સિટી એકટની જોગવાઈ અનુસાર "ફાયનાન્સ કમિટિ" ની રચના કરવા બાબત.)

યુનિવર્સિટી એકટ તથા સ્ટેચ્યુટસમાં દર્શાવેલ જોગવાઈ અનુસાર ફાયનાન્સ કમિટિમાં માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રી (જો હોય તો) સીવાય અન્ય પાંચ વ્યકિતઓને એકિઝકયુટીવ કાઉન્સિલ દ્વારા નોમીનેટ કરવામાં આવે. જેમાં પ્રથમ બેઠકમાં ત્રણ નામ નકકી કરવામાં આવ્યા. અન્ય બે નામ પછીની બેઠકમાં ચર્ચા કરી નકકી કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક :૩ :–

૧. કુલપતિશ્રી (અઘ્યક્ષ)
૨. ઉપકુલપતિ (જો હોય તો)

ફાયનાન્સ કમિટિની રચના માટે એકિઝકયુટીવ કાઉન્સિ દ્વારા હાલ ત્રણ નામો ઠરાવવામાં આવ્યા. જેમાં

૧. શ્રી પી.એમ. ભટ્ટ
૨. શ્રી અનિરૂદ્ધભાઈ દવે
૩. શ્રી ચિન્મોય બેનર્જી ના નામો નકકી કરવામાં આવ્યા. અન્ય બે નામો આગામી બેઠકમાં નકકી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૪. ડીનશ્રીને ચૂકવવાના વધારાના ચાર્જ બાબત.**

(નોંધ:– ડીનશ્રી,સાયન્સ વિદ્યાશાખાના પત્રમાં જણાવ્યાનુસાર ડીનશ્રીને ઉચ્ચક રૂા.૩૦૦/– માસિક ભથ્થું મૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે જે બાબતે ચર્ચા.)

ડીનશ્રીનો હોદ્દો ગરિમાપૂર્ણ અને માનદ્ હોદ્દો છે. અન્ય યુનિવર્સિટીઓમાં પણ ડીનશ્રીને અલગથી કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી. તેઓ યુનિવર્સિટીના કામે બહારગામ અથવા યુનિવર્સિટીએ આવે ત્યારે યુનિવર્સિટીના નિયમોનુસાર TA\DA મળવાપાત્ર થાય જ છે પરિણામે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક:૪ :–**

**ડીનશ્રીનો હોદ્દો એ ગરિમાપૂર્ણ અને માનદ્ હોદ્દો છે. પરિણામે ડીનશ્રીઓને આવું કોઈ વધારાનું ભથ્થુ ચૂકવવું નહી તેવો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.**

**૫. કોલેજોમાં અભ્યાસ કરતાં વિકલાંગ અને અંધ વિદ્યાર્થીઓને પાસીગ માર્ક ૨૦ કરવા બાબત(N.S.U.I. ની માનનીય કુલપતિશ્રીને ઉદ્દેશીને આવેલ અરજી) ચર્ચા વિચારણા.**

ભાવનગર N.S.U.I. ના માનનીય કુલપતિશ્રીને ઉદ્દેશીને લખાયેલ પત્રમાં જણાવ્યાનુસાર અંધ અને વિકલાંગ વિદ્યાર્થીઓને કોલેજોની પરીક્ષમાં પાસીગ ગુણ ૨૦ કરવા અન્વયે ચર્ચા વિચારણા હાથ ધરાયેલ જેમાં વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

**"પાસીગ ગુણ ૨૦ રાખવા અંગે રાજય સરકારશ્રીનો કોઈ નિયમ હોય તો તે બાબતે શિક્ષણ વિભાગ, ગાંધીનગર પાસેથી અભિપ્રાય મેળવવા પત્ર લખવો અને અભિપ્રાય આવી ગયા બાદ ઉક્ત બાબતે નિર્ણય લઈ શકાય તેવું ઠરાવવામાં આવ્યુ."**

**૬. ડૉ. કાકરાણીની Ph.D ગાઈડશીપ.**

(નોંધ:– ડૉ. એચ.ક. કાકરાણી,આચાર્ય, શ્રીતોલાણી ઇન્સ્ટીટયુટ ઓફ ફાર્મસીએ અત્રે Ph.D ગાઈડશીપ મેળવવા માટે અરજી કરેલ છે. આ અરજી અન્વયે વિચારણા.)

ડૉ. એચ.કે. કાકરાણીની ફાર્મસી વિદ્યાશાખામાં Ph.D ગાઈડશીપ માટેની આવેલી અરજી અનુસંધાને ચર્ચા વિચારણા હાથ ધરાયેલ જેમાં P.G. અનુભવ ન ધરાવતા હોય પરંતુ જો રીસર્ચ પેપર્સ નેશનલ/ ઈન્ટરનેશનલ સ્તરે ૧૦ થી વધુ હોય તો સ્પેશીયલ કેસ તરીકે રીસર્ચ પેપર્સ બે રેફરીને મોકલી અભિપ્રાય મંગાવવો અને અભિપ્રાયના આધારે ગાઈડશીપ આપવી. સાથોસાથ અન્ય યુનિવર્સિટીના માન્ય ગાઈડો પણ ગાઈડશીપ માટે અત્રે અરજી કરે છે ત્યારે થયેલ ચર્ચા અનુસાર NAAC કે UGC ની કમિટિ અત્રે આવે ત્યારે તેમને Research Activity થાય છે તે દર્શાવી શકાય તે હેતુથી ગાઈડશીપ આપવી અને સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ ક્રમાંક : ૫:–**

**આથી સર્વાનુમતે એવું ઠરાવવામાં આવે છે કે ર્ડા. કાકરાણીના રીસર્ચ પેપર્સ બે રેફરીને મોકલવા અને તેમનો અભિપ્રાય મેળવ્યા બાદ ગાઈડશીપ બાબતે આગળ વધવું. આગળની કાર્યવાહી જેમાં રેફરીના નામો વગેરે પસંદગીની તથા કાર્યવાહીની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવી.**

**સાથે Ph.D. ગાઈડશીપ માટે આવતી અરજીઓ માટે જે તે બહારની યુનિવર્સિટીના ગાઈડ લાયકાત ધરાવતા હોય તો પાંચ વર્ષ માટે ગાઈડશીપ આપવી અને તેમાં નિયમો મુજબના વિદ્યાર્થીઓને તેઓ ગાઈડ કરી શકશે. જેમાં કચ્છના વિદ્યાર્થીઓને priority આપવાની રહેશે. કચ્છના વિદ્યાર્થીઓ ન હોય તો અન્ય વિદ્યાર્થીઓને ગાઈડ કરી શકશે અને આ બાબતે નિર્ણયો લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

## ૭. કોર્ટની બેઠક બોલાવવા બાબતે ચર્ચા વિચારણા.

(નોંધઃ– યુનિવર્સિટી કોર્ટની પ્રથમ બેઠક બોલાવવા માટે ચર્ચા વિચારણા.)

માનનીય નામદાર રાજયપાલશ્રી કે જેઓ આ યુનિવર્સિટીના ચાન્સેલરશ્રી છે તેઓ પાસેથી એપ્રિલની ૧૫ થી ૨૦ વચ્ચેની કોઈ પણ તારીખની મંજૂરી કોર્ટની પ્રથમ બેઠક બોલાવવા મળે તે માટે વિનંતી કરતો પત્ર લખવો, તારીખ મળ્યેથી કોર્ટની પ્રથમ બેઠકનું આયોજન કરી શકાય. તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

## ૮. આ યુનિવર્સિટીનું પ્રથમ કોન્વોકેશન યોજવા માટેની ચર્ચા વિચારણા.

(નોંધઃ– યુનિવર્સિટીના ગ્રેજયુએશનની પ્રથમ બેચ વર્ષ ૨૦૦૭માં બહાર પડેલ છે તથા અનુસ્નાતકની બે બેચોના વિદ્યાર્થીઓ પાસ આઉટ થયેલ છે ત્યારે તેમને ડિગ્રી એનાયત કરવા બાબત ચર્ચા વિચારણા.)

આ યુનિવર્સિટીનું પ્રથમ કોન્વોકેશન યોજવા બાબતે લાંબી ચર્ચા – વિચારણા થઈ. યુનિવર્સિટીના હાલ માત્ર પ્રોવિઝનલ સ્ટેચ્યુટ્સ અસ્તિત્વમાં આવેલ છે. જેના દ્વારા થયેલ કાર્યવાહી

અનુસંધાને અધિકારમંડળોની રચના કરવામાં આવેલ છે. યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટ્સ હજુ સુધી બન્યા નથી. તે બને, દરેક અધિકાર મંડળમાંથી તે પાસ થાય તથા તેને નામદાર રાજયપાલશ્રી (ચાન્સેલરશ્રી) ના કાર્યાલયેથી મંજૂરી મળે ત્યાર બાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાય આ પ્રક્રિયામાં સમય જાય તેમ જણાય છે. અને ત્યાં સુધી કોન્વોકેશન યોજી શકાય નહી પરિણામે કોન્વોકેશન માટેનું ગુજરાત યુનિવર્સિટીનું સ્ટેચ્યુટ્ મંજૂર કરાવીએ અને જે આપણી યુનિવર્સિટીને લાગુ પાડીએ પણ તેમા એક મુશ્કેલી એ છે કે ગુજરાત યુનિવર્સિટીના એકટમાં આ સત્તા કોર્ટને આપવામાં આવેલ છે જયારે કચ્છ યુનિવર્સિટીના એકટમાં આ સત્તા એકિઝકયુટીવ કાઉન્સિલને સોંપવામાં આવેલ છે પરિણામે ગુજરાત યુનિવર્સિટીનો તે સ્ટેચ્યુટ્ સીધે સીધો આપણી યુનિવર્સિટીને લાગુ પડી શકશે નહી. પરિણામે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

---

**ઠરાવ ક્રમાંક: ૬ :–**

**આથી સર્વાનુમતે એવું ઠરાવવામાં આવે છે કે રાજય સરકારે આ યુનિવર્સિટી એકટની કલમ ૮૬ (૨) હેઠળ નીમેલ સલાહકાર સમિતિની બેઠક બોલાવી પ્રથમ સ્ટેચ્યુટ્સ તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવી, સાથે આ યુનિવર્સિટીનું પ્રથમ કોન્વોકેશન સપ્ટે–ઓકટો–'૦૮ દરમ્યાન યોજાઈ શકે તે માટે નામદાર રાજયપાલશ્રી (ચાન્સેલરશ્રી) ના કાર્યાલયનો સંપર્ક સાધી માર્ગદર્શન મેળવવું જેમાં માત્ર કોન્વોકેશનને લગતા સ્ટેચ્યુટ્સ ઘડીને મંજુરી અર્થે મોકલી શકાય કે કેમ ? અને જો મોકલી શકાય તેમ હોય તો તે સ્ટેચ્યુટ્ તાત્કાલિક મોકલી જરૂરી મંજૂરીઓ મળી રહે તેવી કાર્યવાહી હાથ ધરવી જેથી કોન્વોકેશન યોજી શકાય અને માર્ચ – એપ્રિલ–'૦૮ સુધીના પાસ આઉટ થતા વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરી શકાય. આ કાર્યવાહી માટે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.**

અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચે જણાવેલ અન્ય મુદ્દાઓ ઉપર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

૧. ડૉ. ચંદ્રિકાસિંહ સોમવંશીની અરજી

ડૉ. ચંદ્રિકાસિંહ સોમવંશી કે જેઓ તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, આદિપુરમાં લેબોરેટરી આસિસ્ટન્ટ છે તેમણે અધ્યાપકની માન્યતા મેળવવા માટે પત્રો મોકલાવેલ છે. જેમાં U.G.C. ના આધારો જોડેલ છે. U.G.C.ના નિયમોનુસાર અધ્યાપકની યોગ્યતા માટે અનુસ્નાતક કક્ષાએ ૫૫% હોવા જરૂરી છે. સાથે U.G.C. એ આ ૫૫% નો ધોરણ અપનાવેલ છે તેની કટ ઓફ ડેટ પણ આપેલ છે. શ્રી સોમવંશી અનુસ્નાતક ધોરણે ૫૫% ધરાવતા નથી અને કટ ઓફ ડેટ તારીખ સુધીની લાયકાતમાં આવતા નથી. પરિણામે તેમને માન્યતા આપવી કે નહી તે બાબતે ચર્ચા વિચારણા થઈ. સિટિઝન ફોરમ ઓન હયુમન રાઈટ્સ, નવી દિલ્હી મારફતે આર.ટી.આઈ. હેઠળ તેમની અરજી અત્રે આવેલ છે.

ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ ક્રમાંકઃ ૭ :–

આ થી સર્વાનુમતે ઠરાવવામાં ઓ છે કે આ યુનિવર્સિટીમાં અધ્યાપક માટેની યોગ્યતા **U.G.C.**, રાજ્ય સરકારશ્રી તથા યુનિવર્સિટી દ્વારા જે નકકી કરવામાં આવેલ છે તેનાથી નીચેની લાયકાત ધરાવનાર કોઈ વ્યકિતને અધ્યાપક તરીકેની માન્યતા આપી શકાય નહી. પરિણામે ડૉ.ચંન્દ્રિકાસિંહ સોમવંશીને યુનિવર્સિટી દ્વારા કોઈ **Relaxation** આપી શકાય નહી.

---

૨. **યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો માટે અધ્યાપકશ્રીઓની જાહેરાત**

યુનિવર્સિટીની ૩૫ શૈક્ષણિક જગ્યાઓ મંજૂર થયેલ છે જેમાંથી ૨૮ જગ્યાઓની જાહેરાત આપવાની થતી હતી. આ જાહેરાતો નિયમોનુસારના વર્તમાનપત્રોમાં આપવા માટેની સંમતિ આપવામાં આવી.

૩. **એસ.આર.કે. ઈન્સ્ટીટયુટની ફરિયાદ**

એસ.આર.કે. ઈન્સ્ટીટયુટની ફરિયાદ અંગે શિક્ષણ વિભાગ પાસેથી આવેલ પત્ર અનુસાર ચર્ચા બાદ સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે એસ.આર.કે. ટ્રસ્ટના ચેરમેનશ્રી અરજણભાઈ કાનગડને માનનીય કુલપતિશ્રી જે નામો નકકી કરે તે એકિઝકયુટીવ કાઉન્સિલના ત્રણ સભ્યોની હાજરીમાં રૂબરૂ બોલાવી આ મુદ્દાઓ અંગે ચર્ચા કર્યા બાદ નિર્ણય કરવો.

૪. **~~તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજની એમ.એ. હિન્દી (અનુસ્નાતક)~~ શરૂ કરવાની રજૂઆત**

હિન્દી (અનુસ્નાતક) વિષય શરૂ કરવાની ઉકત કોલેજની અરજી અત્રે આવ્યા બાદ યોગ્ય નિર્ણય કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

૫. **ચાણકય સંસ્થાની નવા જોડાણ માટેની અરજી**

ધી તક્ષશીલા એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ભૂજની તા.૨૦/૯/'૦૫ વાળી વર્ષ ૨૦૦૬–૦૭ ના શૈક્ષણિક વર્ષથી નવી કોલેજના અંગેની દરખાસ્ત અત્રે આવેલ હતી.

અગાઉ તેઓની કોલેજમાં સીકકીમ મણિપાલ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ ચાલતો હતો જે શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ ચીફ એકિઝકયુટી ઓફિસરશ્રીની સૂચના અનુસાર બંધ કરાવાનો આદેશ અપાયેલ. હાલ આ તમામ કોર્ષો સંપૂર્ણ પણે બંધ કરી દેવામાં આવ્યા છે. જેથી તેમની આગળની કોલેજ જોડાણ અરજી ધ્યાને લેતા ચર્ચા વિચારણા હાથ ધરાયેલ.

---

**ઠરાવ ક્રમાંક : ૮ :–**

આથી સર્વાનુમતે એવું ઠરાવવામાં આવ્યુ કે હાલ કોલેજે અમાન્ય સીકકીમ મણિપાલ યુનિવર્સિટીના ચાલતા તમામ કોર્ષ બંધ સંપૂર્ણ પણે બંધ કરી દીધેલ હોય તેઓની અગાઉની દરખાસ્ત માન્ય રાખતા શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી તેમને કોલેજ જોડાણ અંગે કરવાની થતી કાર્યવાહી યુનિવર્સિટી હાથ ધરે અને જો સંસ્થા આ વર્ષથી કોલેજ શરૂ કરવા સક્ષમ હોય તો ૨૦૦૮–૦૯ ના વર્ષ માટે જોડાણ આપી શકાય તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૬. એકિઝકટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની કોલેજોની મુલાકાત અંગે.**

એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ જો કોલેજોની શુભેચ્છા મુલાકાત લેવા ઈચ્છતા હોય તો કોઈ વાંધો ન હોઈ શકે પરંતુ કોલેજોની તપાસ અથવા અન્ય કોઈ વિવાદાસ્પદ મુદ્દે મુલાકાત લેવાની હોય તો માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા બાદ જ મુલાકાત લઈ શકશે એવું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.